# રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૬૮૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૯ મોત : રાજ્યમાં ૩૮ વેન્ટીલેટર પર ૭૫૧૦ એક્ટીવ કેસ : રાજ્યમાં કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૩૩૯૯૯ અને કુલ મૃત્યુઆંક ૧૮૮૮ થયો : અમદાવાદમાં ૨૧૧ કેસ

ગાંધીનગર,તા.૨

રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે કોરોના પોઝીટીવનો આંકડો છસ્સોને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૪૨૫ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવતા ૬૮૧ લોકોને કોરોના પોઝીટીવ આવ્યો હતો. રાજ્યમાં આ સાથે કોરોના સંક્રમીતોનો કુલ આંકડો ૩૩૯૯૯ થયો છે. આજે વધુ ૧૯ દર્દીઓના કોરોનાને લીધે મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૮૮ થયો છે. રાજ્યમાં આજે ૫૬૩ વ્યક્તિઓ ડીસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આ સાથે અત્યાર સુધીમાં ૨૪૬૦૧ લોકો કોરોના મુક્ત થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૬૮ લોકો વેન્ટીલેટર પર છે. રાજ્યમાં સતત કોરોના પોઝીટીવનો આંકડો રોજ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. કોરોનાનું સંક્રમણ જે રીતે દિવસે દિવસે ફેલાઈ રહ્યું છે તેનાથી આરોગ્ય વિભાગની ચિંતામાં વધારો થઈરહ્યો છે. આજે સુરતમાં અમદાવાદ કરતા વધુ કેસો નોંધાયા હતા. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે રાજ્યમાં કોવિદ-૧૯ના લીધે અમદાવાદ કોર્પોરેશનમાં ૭, સુરત કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૨, જુનાગઢ કોર્પોરેશનમાં ૧, મહેસાણા ૧, પાટણ ૧, ખેડા ૧, વલસાડ ૧ અને સુરેન્દ્રનગરમાં ૧ મોત નોંધાયું છે. અમદાવાદમાં આજે કોરોના પોઝીટીવના ૨૧૧ કેસ નોંધાયા જેમાં ૨૦૨ શહેર અને ગ્રામ્યમાં ૯ હતા. આ સાથે શહેરમાં કોરનાથી કુલ સંક્રમીતનો આંકડો ૨૧૩૩૯ પર પહોંચ્યો છે. જ્યારે વધુ ૭ મોત સાથે શહેરમાં કોરોનાનેલીધે મૃત્યુઆંક કુલ ૧૪૫૬ થયો છે. સુરતમાં આજે રાજ્યના સૌથી વધારે કેસ નોંધાયા હતા. સુરત શહેરમાં ૧૯૧ અને ગ્રામ્યમાં ૩૬ સાથે ૨૨૭ કેસ કોરોનાના નોંધાયા હતા. સુરત શહેરમાં કોરોના સંક્રમીતનો આંકડો કુલ ૫૨૪૭ થયો છે. આજે વધુ ૪ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૬૭ થયો છે. વડોદરા શહેરમાં સતત ચોથા દિવસે કોરોનાના ૫૦થી વધુ કેસ નોંધાયા છે. આજે વડોદરા શહેરમાં ૪૬ અને ગ્રામ્યમાં ૧૧ સાથે ૫૭ કેસ નોંધાયા છે.

આ સાથે વડોદરામાં કુલ સંક્રમીતનો આંકડો ૨૩૮૧ અને આજે વધુ ૨ મોત સાથે કુલ મૃત્યુઆંક ૫૧ થયો છે. ગાંધીનગરમાં આજે ૭ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૬૭૭ થયો છે. રાજ્યમાં રાજકોટ કોર્પોરેશનમાં ૪ અને ગ્રામ્યમાં ૨૨, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં ૧૨-૧૨, ભાવનગર કોર્પોરેશન ૧૧ અને ભાવનગરમાં ૩, જામનગર કોર્પોરેશનમાં ૧૦ અને ગ્રામ્યમમાં ૧, ભરૂચ અને પાટણ ૧૦-૧૦, જુનાગઢ કોર્પોરેશન ૯ અને ગ્રામ્ય ૪, મહેસાણા ૯, વલસાડ ૮, અમરેલી ૭, કચ્છ અને ખેડા ૫-૫, અરવલ્લી, પંચમહાલ, નવસારી અને જુનાગઢમાં ૪, આણંદ, સાબરકાંઠા, બોટાદ, ગીર સોમનાથ, દાહોદ, છોટાઉદેપુર અને મોરબીમાં ૬, મહીસાગર, જામનગર, પોરબંદર અને તાપીમાં ૧ કેસ કોરોના પોઝીટવના આજે નોંધાયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૭૫૧૦ એક્ટીવ છે જેમાં વેન્ટીલેટર પર ૫૨૬૮ અને સ્ટેબલ ૭૪૪૨ છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૮૮૦૬૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨૫૧૧૨૨ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૨૪૮૦૬૨ વ્યક્તિઓ હોમક્વોરન્ટાઈન છે અને ૩૦૬૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૧૩૩૯ | ૧૪૫૭ | ૧૬૨૫૪ |
| સુરત | ૫૨૪૭ | ૧૭૩ | ૩૬૩૫ |
| વડોદરા | ૨૩૮૧ | ૫૧ | ૧૭૨૧ |
| રાજકોટ | ૩૧૦ | ૦૮ | ૧૨૮ |
| ગાંધીનગર | ૬૭૭ | ૩૧ | ૫૦૨ |
| ભાવનગર | ૨૮૧ | ૧૩ | ૧૫૨ |
| કચ્છ | ૧૭૦ | ૦૫ | ૯૬ |
| મહેસાણા | ૩૦૫ | ૧૨ | ૧૪૭ |
| ગીર-સોમનાથ | ૮૦ | ૦૧ | ૪૮ |
| પોરબંદર | ૨૦ | ૦૨ | ૧૦ |
| પંચમહાલ | ૧૮૭ | ૧૫ | ૧૪૨ |
| પાટણ | ૨૧૮ | ૧૬ | ૧૧૮ |
| છોટાઉદેપુર | ૬૦ | ૦૨ | ૩૯ |
| જામનગર | ૨૪૫ | ૦૪ | ૧૧૮ |
| મોરબી | ૨૯ | ૦૧ | ૧૩ |
| સાબરકાંઠા | ૧૮૨ | ૦૮ | ૧૧૯ |
| આણંદ | ૨૩૨ | ૧૩ | ૧૯૨ |
| દાહોદ | ૬૪ | ૦૧ | ૪૬ |
| ભરૂચ | ૨૫૩ | ૧૦ | ૧૩૧ |
| બનાસકાંઠા | ૨૦૨ | ૧૧ | ૧૫૮ |
| ખેડા | ૧૭૩ | ૦૮ | ૧૧૯ |
| બોટાદ | ૯૫ | ૦૩ | ૬૫ |
| નર્મદા | ૯૧ | ૦૦ | ૫૩ |
| અરવલ્લી | ૨૧૪ | ૧૯ | ૧૭૨ |
| મહીસાગર | ૧૪૦ | ૦૨ | ૧૧૫ |
| નવસારી | ૧૨૫ | ૦૨ | ૫૧ |
| તાપી | ૦૯ | ૦૦ | ૦૮ |
| વલસાડ | ૧૭૩ | ૦૪ | ૫૮ |
| જૂનાગઢ | ૧૨૧ | ૦૪ | ૫૫ |
| સુરેન્દ્રનગર | ૧૬૬ | ૦૮ | ૭૯ |
| દેવભૂમિ દ્વારકા | ૨૪ | ૦૨ | ૧૬ |
| ડાંગ | ૦૪ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૯૫ | ૦૮ | ૪૨ |
| કુલ | ૩૩૯૯૯ | ૧૮૮૮ | ૨૪૬૦૧ |

## મહેસાણામાં સત્તર પોઝિટીવ કેસ નોંધાયા

મહેસાણા

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૦૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ૪૭૨૨ સેમ્પલ લેવામાં આવેલ છે. જેમાંથી ૪૩૨૭ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. જિલ્લામાં ગુરુવારે ૩૫૬ સેમ્પલનું રીઝલ્ટ આવેલ છે. જે પૈકી ૩૫૩ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. તથા ૦૩ સેમ્પલનું પરીણામ પોઝીટીવ આવે છે. જિલ્લામાં ૨૨૬ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે. આજ રોજ ૦૨ દર્દી સજા થતા હોસ્પિટલ માંથી રજા આપવામાં આવેલ છે.મહેસાણા જિલ્લામાં આજ દિન સુધી કોવિડ-૧૯ના ૩૨૦ પોઝીટીવ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોવિડ-૧૯ ના એકટીવ કેસ ૮૨ છે. આ ઉપરાંત જિલ્લામાં ૨૦૮ દર્દીઓએ કોરાનાને પરાસ્ત કરતાં રજા આપવામાં આવેલ છે.

## બનાસકાંઠામાં કોરોના બેકાબુ, ૧૫ પોઝિટીવ કેસ

### પાલનપુરમાં ૪, ડીસામાં ૧૦ અને વડગામના ધોતામાં ૧ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ બેકાબુ બની રહ્યો છે. જ્યાં ગુરુવારે વધુ ૧૫ પોઝિટિવ કેસ નોંધાયા હતા. પાલનપુરમાં ૫ અને ડીસામાં ૧૦ નવા કેસ સામે આવતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક સહિતના નિયમોનું કડક રીતે પાલન થાય તે માટે કાર્યવાહી વધુ સઘન બનાવી દેવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા છ દિવસથી કોરોના વાયરસ બે કાબુ બન્યો છે. જેમાં પણ છેલ્લા ત્રણ દિવસમાં જ ૪૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. આવી સ્થિતિમાં ગુરુવારે કોરોનાનો વિસ્ફોટ થયો હતો. અને એક સાથે વધુ ૧૫ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, પાલનપુરમાં ૪, ડીસામાં ૧૦ અને વડગામના ધોતામાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો હતો. જેમને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઇન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઈન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૩૭ પહોંચી છે. જ્યારે કુલ મૂર્તયુઆંક ૧૨ થયો છે.



ગરમી અને બફારો વધતા પાણીની જરૂરીયાત વધી ગઈ છે. તેમાંય જો પીવા માટે ઠંડુ પાણી મળી જાય તો તેનાથી રૂડું બીજું શું હોઈ શકે. સેકટર-૬ સ્થિત સંત રોહિદાસ મંદિરમાં ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. રાહદારીઓ અને છાપરામાં રહેતા શ્રમિકો માટે આ વ્યવસ્થા આર્શીવાદરૂપ બની છે.

## પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં અને કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઉકાળાનુ વિતરણ કરાયું

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિવિધ વિસ્તારોમાં અને કન્ટેઈનમેન્ટ ઝોનમાં ઉકાળો પ્રતિષ્ઠાન પ્રાંતિજ, એકલવ્ય ફાઉન્ડેશન તથા સોનાસણ સરકારી આયુર્વેદિક દવાખાના દ્વારા પ્રાંતિજના વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાયન્ટ સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજના અધ્યક્ષ સુનીલદાસજી



પીવડાવવામાં આવ્યો હતો સાથે સાથે કન્ટેઈનમેન્ટ વિસ્તારોમાં આયુર્વેદિક ગોળીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ ખાતે સેવાભાવી સંસ્થા તરીકે કાર્યરત જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજ મંગલોદય સેવા સ્વામિનારાયણનગર સોસાયટી, શાન્તીનાથ સોસાયટી, કુંભારવાસ સહિત ગણેશ સ્ટ્રીટ સહિત પ્રાંતિજના કન્ટેઈનમેન્ટ ઝોનમાં અમૃત પેય ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો. ઉકાળાની સાથે આયુર્વેદિક ગોળીઓનું પણ મહારાજ, સોનાસણ સરકારી આયુર્વેદિક દવાખાનાના ડૉ.અંકિતાબેન પરમાર, જાયન્ટ પ્રમુખ ડૉ.કેયુરભાઇ પ્રજાપતિ, જાયન્ટ મંત્રી હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, વજેશભાઇ ભાવસાર સહિત જાયન્ટ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## પેથાપુર ચોકડી પાસે ઈકોની ટક્કરે મોપેડ ચાલક મહિલાને ઈજા

ગાંધીનગર, તા.૨

પેથાપુર ચોકડી નજીક રાધીકા સોસાયટી પાસે ઈકો કાર મોપેડ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મોપેડ પરથી મહિલા નીચે પટકાતા જમણા પગે અને શરીરે ઈજા પહોંચી હતી. બનાવને પગલે સ્થાનિક નાગરીકો અને પરિવારજનો આવી પહોંચતા મહિલાને સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા આશાબા ઈન્દ્રજીતસિંહ વાઘેલા (ઉં.૩૧) પોતાના પરિવાર સાથે રહે છે અને પોલીસભવન ખાતે આઈબી વિભાગમાં એ.આઈ.ઓ.તરીકે છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે. ફરીયાદી પોતાના ઘરેથી નોકરીએ આવનજાવન માટે જયુપિટરનો ઉપયોગ કરે છે. સોમવારના સાંજે ઓફિસથી ઘરે આવવા માટે તેઓ જયુપીટર નં. જી.જે.૧૮.ટી.એફ.-૯૪૧૨ લઈને નીકળ્યા હતા. ત્યારે પેથાપુર ચોકડીથી સામાન્ય આગળ રાધિકા સોસાયટીથી આગળ જઈ રહ્યા હતા તે સમયે પાછળથી આવી રહેલી ઈકો કારનં જી.જે.૦૨.સી.એ.-૮૮૭૫ ચાલકે ઓવરટેક લેતા સમયે જયુપીટરને ટક્કર મારી હતી. જેથી મહિલા નીચે પડી ગયા હતા અને માર્ગ પર પટકાતા પગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. જેથી ફરીયાદીએ પોતાના પરિવારના સભ્યોને જાણ કરતા તાત્કાલીક આવી પહોંચ્યા હતા અને સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

### યુદ્ધ વિમાન...

● પહેલા પાનાનું ચાલુ

સરકારને ૭૪૧૮ કરોડ રુપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. અધિકારીઓના કહેવા અનુસાર હિન્દુસ્તાન એરોનોટિક્સ લીમિડેટથી ૧૨ નવા સુખોઈ-૩૦ વિમાન ખરીદવામાં ૧૦૭૩૦ કરોડ રુપિયાનો ખર્ચ થશે. સંરક્ષણ મંત્રાલયે ૨૪૮ અસ્ત્ર એર મિસાઈલની ખરીદીની પણ મંજૂરી આપી છે. આ મિસાઈલ ભારતીય વાયુસેના અને નૌકાદળ બંનેને કામ આવી શકશે. આ સાથે જ ડીઆરડીઓ દ્વારા બનાવેલી ૧૦૦૦ હજાર કિલોમીટર રેન્જવાળી ક્રૂઝ મિસાઈલની ડિઝાઈનને મંજૂરી મળી ગઈ છે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ ૩૮૯૦૦ કરોડ રુપિયાના પ્રસ્તાવને મંજૂરી અપાઈ, જેમાંથી ૩૧૧૩૦ કરોડ રુપિયાના અધિગ્રહણ ભારતીય ઈન્ડસ્ટ્રીમાં થશે. પિનાકા રોકેટ લોન્ચર, બીએમપી કોમ્બેટ, વ્હીકલ અપગ્રેડ અને સૈન્ય માટે સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયોને પણ મંજૂરી અપાઈ છે. સૂત્રોના કહેવા અનુસાર ભારતે આ નિર્ણય ચીન સાથી સરહદ પર વધી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ચીની સૈન્ય સાથેની અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા.

### દેશમાં કોરોના...

● પહેલા પાનાનું ચાલુ

જિલ્લામાં ૬, પંચમહાલમાં ૫, સાબરકાંઠામાં ૫, મોરબીમાં ૪, ભાવનગરમાં ૩,અરવલ્લીમાં, કચ્છ, ભાવનગર જિલ્લો, અમરેલી, જામગનર જિલ્લામાં ૩-૩૬ કેસ નોંધાયા છે. જ્યારે પાટણ, મહીસાગર, બોટાદ, દાહોદ , છોટાઉદેપુરમાં ૨-૨ અને નર્મદામાં અને ગીરસોમનાથમાં ૧-૧ મળી કુલ ૬૭૫ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં કોરોના વાયરસના કારણે ૨૪ કલાકમાં ૨૦ દર્દીનાં મોત થયા છે જેમાં અમદાવાદમાં ૮, સુરતમાં ૪, રાજકોટમાં ૧, સુરતમાં ૧, ભરૂચમાં ૧. અરવલ્લી, બનાસકાંઠા, ખેડા, અમરેલી, દાહોદ, દેવભૂમિ દ્વારકામાં ૧ એમ કુલ ૨૦ દર્દીનાં મોત થયા છે. રાજ્યમાં ૭૪૧૧ એક્ટિવ કેસ છે, જે પૈકીના ૬૩ વેન્ટીલેટર પર છે. અમદાવાદમાં સતત કેસમાં ઘટાડોઃ દરમિયાન રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદમાં કેસની સંખ્યા ઘટી રહી છે. અમદાવાદમાં સતત ૯માં દિવસે કેસમાં ઘટાડો નોંધાયો છે. સતત ૯મા દિવસે ૨૫૦થી ઓછા કેસઃ નવા ૨૧૫ કેસ સાથે કુલ પોઝિટિવ ૨૧,૧૨૮ કેસ, ૮ના મોત થતા મૃત્યુઆંક ૧૪૪૯ થયો છે. જોકે, તેની સામે સુરતમાં સતત ૨૦૦ કે તેથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે જેના કારણે અમદાવાદ બચાવવા જતા સુરત ગુમાવવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

### ડોલરનું નુકસાન...

● પહેલા પાનાનું ચાલુ

ટ્વિટર હેન્ડલે પોસ્ટ કર્યું છે કે, "ચીની ઈન્ટરનેટ કંપની-ભારત સરકાર તરફથી ટિકટોક સહિત ૫૯ ચીની એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યા પછી, ટિકટોકની પેરેંટ કંપની છ અબજ ડોલર સુધીનું નુકસાન કરી શકે છે. ગયા મહિને ભારત અને ચીની સૈન્યની સરહદ પર હિંસક મુકાબલો થયા બાદ ભારત સરકારે આ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. મોદી સરકારે ચીનને મોટો ફટકો આપતા ૫૯ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. જે એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં ટિકટોક, શેરઈટ, બાયડૂ મેપ, ડીયુ બેટરી સેવર, હેલો, લાઈક, યુકેમ મેકઅપની, મી કોમ્યુની, સીએમ બ્રાઉઝર, વાયરસ, ક્લાય મેલ, યુસી બ્રાઉઝર, વીચેટ, બ્યુટીકેમ, શેરાઈટ અને કેમ સ્કેનર કેટલીક એપ્લિકેશનો શામેલ છે. ગ્લોબલ ટાઈમ્સે ભારતના ઈલેક્ટ્રોનિક અને આઈટી પ્રધાનના નિવેદનને ખૂબજ સારી રીતે પ્રગટ કર્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'આ પગલું કરોડો ભારતીય મોબાઈલ વપરાશકારોના હિતોને સુરક્ષિત રાખવા માટે લેવામાં આવ્યું છે.

### વૃક્ષોનું ટ્રીમીંગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં વરસાદી દિવસો પુર્વે વનતંત્ર દ્વારા વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ નગરના છ માર્ગ પર ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે છ માર્ગ બાદ જ માર્ગ ઉપર પણ આસપાસ નમી પડેલી વૃક્ષોની ડાળીઓનુ ટ્રીમીંગ કરવામાં આવશે. શહેરના વિવિધ માર્ગો પર નમી પડેલા વૃક્ષો અલબત્ત સુકા અને ભયજનક વૃક્ષોનો પણ વનતંત્ર દ્વારા સમયાંતરે સર્વે હાથ ધરવામાં આવે છે. જયારે જોખમી વૃક્ષોની કટોતી પણ કરવામાં આવે છે. શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. અત્યાર સુધી તંત્ર દ્વારાઆ પ્રકારના સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. સુકા અને નમી પડેલા વૃક્ષો પણ દુર કરવામાં આવી રહ્યા છે.

જયારે સેકટરોમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે મોટા તોતિંગ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ હાલ રાહદારીઓ માટે અડચણરૂપ બની રહી છે. આવા સંજોગોમાં વનતંત્ર દ્વારા નમી પડેલી વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. હાલ નગરના છ માર્ગ પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં શહેરના જ માર્ગ સહીત અન્ય માર્ગો પર પણ ટ્રીમીંગ કરવામાં આવશે. વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે આમ નાગરિકો માટે આ પ્રકારની વૃક્ષોની ડાળીઓ અડચણરૂપ ન થાય તે માટે તંત્ર દ્વારા નગરના તમામ મુખ્યમાર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવશે. આ ઉપરાંત સુકા ઉભા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. શહેરના સે-૧૭ : ૨૨ તેમજ સે-૨૦ પાસે પણ સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે હજુ પણ તબક્કાવાર સર્વેના અંતે ભયજનક વૃક્ષો દુર કરવામાં આવશે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોનુ ટ્રીમીંગ કરાશે.

## સુરત નવી સિવિલમાં તત્કાળ ૬૦૦ બેડ ફાળવવામાં આવશે

### કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટરની વ્યવસ્થા શહેરમાં ઊભી કરવામાં આવશે, ૧૮૦ આઈસીયુ પણ ફાળવાશે

સુરત, તા. ૨

સુરતને કોરોનામુક્ત બનાવવા અને કોરોના સામેની લડાઈને વધુ વ્યાપક બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નવી સિવિલ કોવિડ ૧૯ હોસ્પિટલમાં નવા ૬૦૦ બેડ અને નવા ૧૮૦ આઈ.સી.યુ.ની ફાળવણી કરવાની જાહેરાત આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ આજે સુરત મહાનગરપાલિકાના સભાગૃહ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કરી હતી. કોવિડ હોસ્પિટલમાં નવી વ્યવસ્થાઓ વધારવાનું કામ તાત્કાલિક ધોરણે શરૂ થઈ ચૂક્યું છે એમ તેમણે કહ્યું હતું. કોરોના વાયરસના સંક્રમણને ડામવા માટે રાજ્ય સરકારના સતત સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની વિગતો આપતાં ડો.જયંતિ રવિએ કહ્યું કે, સુરતમાં સતત વધી રહેલા કેસોની સ્થિતિ અને તેના નિવારાત્મક પગલાઓ અંગે રાજ્ય સરકાર ગંભીર છે. શહેરીજનોની આરોગ્ય અને સુખાકારી જળવાય રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની ૩૭ જેટલી ખાનગી હોસ્પિટલોમાં પણ કોરોનાની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે જેમાં ૨,૦૦૦ થી પણ વધુ બેડની વ્યવસ્થા કરાઈ છે. સુરતમાં કોરોના સંક્રમણને અટકાવવા આરોગ્ય તંત્ર ખડે પગે છે, ત્યારે પાલિકા તંત્ર દ્વારા વધુ સઘન અને અસરકારક પગલાં લેવાઈ રહ્યા છે, જેના ભાગરૂપે પાટીદાર સમાજ અને વાટલીયા પ્રજાપતિ સમાજના આગેવાનો સાથે બેઠકો કરીને દેશભરમાં નવતર પહેલરૂપે આ જ્ઞાતિ સમૂહની સમાજ વાડીમાં કોમ્યુનિટી આઈસોલેશન સેન્ટર ઊભા કરવામાં આવશે, અને સિવિલ હોસ્પિટલના આરોગ્ય તંત્ર સાથે લિંકઅપ કરાશે.

આ બંને બંને સમાજના આગેવાનોએ સહમતિ દર્શાવીને જરૂરી તમામ સહયોગ આપવાની ખાતરી આપી હોવાનું આરોગ્ય સચિવે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, હોમ આઈસોલેશનનો કોન્સેપ્ટ વિશ્વમાં સ્વીકાર્ય બન્યો છે, આવા સંજોગોમાં લક્ષણ વગરના અને સામાન્ય લક્ષણ ધરાવતા દર્દીઓને ઘરમાં આઈસોલેટ કરી શકાય અને તેમની સારવાર સરકારની ગાઈડલાઈન્સ મુજબ તેમના ઘરમાં જ કરવામાં આવશે. આજે સુરતમાં ૩૫૦ લોકો હોમ આઈસોલેશનમાં જોડાયા છે. અગ્ર સચિવે જણાવ્યું કે, શહેરમાં લોકોજાગૃતિ માટે સેવાભાવી સામાજિક સંસ્થાઓ ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરી શકશે. શહેરમાં શરૂ કરાયેલાં ૧૦૫ જેટલાં ધન્વંતરિ રથમાં નોર્મલ તાવ, શરદી, ઉધરસ જેવા સામાન્ય પ્રાથમિક લક્ષણો ધરાવતા શહેરીજનોને ઘરઆંગણે નિદાન અને પ્રાથમિક સારવાર અપાશે. સાથોસાથ ૨૪ કલાક કાર્યરત ૧૦૪ ફિવર હેલ્પલાઈનમાં કોલ કરવાંથી તાવ, શરદી, ઉધરસ જેવા રોગોની ઘરે બેઠાં સારવાર આપવામાં આવશે. ૧૦૪ હેલ્પલાઇન પર કોલ કરનારનો કોર્પોરેશનની આરોગ્ય ટીમ સંપર્ક કરી તેના ઘરે આવી પ્રાથમિક તપાસ કરશે અને જરૂરી જણાશે તો વધુ સારવાર અર્થે સિવિલમાં રિફર કરાશે. શહેરીજનો જાગૃત્ત બની વિનાસંકોચે આ હેલ્થ હેલ્પલાઈનનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરે એવો પણ તેમણે અનુરોધ કર્યો હતો.

નવી સિવિલ કેમ્પસની સ્ટેમસેલ બિલ્ડીંગમાં અદ્યતન પ્લાઝમા બેંક પણ સ્થાપવામાં આવશે, જેમાં કોવિડના સાજાં થયેલાં દર્દીઓને પ્લાઝમા ડોનેટ કરવા માટે પ્રોત્સાહિત કરાશે. રાજ્યમાં મેડિકલ, ડેન્ટલ અને પેરા મેડિકલની પરીક્ષા મોકૂફ રખાઈ છે.



થોડાક દિવસોમાં હવે વરસાદ શરૂ થશે. વરસાદની સાથે પવન જોરદાર ફુંકાતો હોઈ વૃક્ષની ડાળીઓ જોખમરૂપ રહે છે. આ ડાળીઓને કાપવાની વ્યવસ્થા વનવિભાગે કરી છે. હાલમાં મોટાભાગના મુખ્ય માર્ગોની આસપાસ આવી નમી પડેલી ડાળીઓનું કટીંગ ચાલી રહ્યું છે.